અપીલ અરજી નં.૨૧૬ તા.૨૦–૧૦–૦૮/૦૯

અરજદારઃ શ્રી કલ્પેશ બારોટ
સામાવાળાઃકાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી (ઉધના ઝોન)

## *હુકમઃ–*

***વિષય*** *:*–આર ટીઆઈ એકટ હેઠળ શ્રી કલ્પેશ બારોટની તા.૧૪–૮–૦૮અરજીથી ખાનગી માલીકીના બોરીંગો ધ્વારા મીલોમા ગેરાયદેસર રીતે પાણી સપ્લાય બાબતે માહિતી આપવા બાબત.

સંદર્ભ :– અરજદાર મજકુરની તા.૨૦–૧૦–'૦૮ ની અપીલ અરજી નં.૨૧૬/૨૦૦૮–૦૯

શ્રી કલ્પેશ બારોટની તા.૧૪–૮–૦૮અરજીથી ખાનગી માલીકીના બોરીંગો ધ્વારા મીલોમા ગેરાયદેસર રીતે પાણી સપ્લાય અંગે માહિતી આપવા બાબતે કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનના પત્ર નં.સા.ઝોન/ટેક./આ.૫૬૪૨ તા.૧૩–૧૦–૦૮ થી માહિતી અધુરી, અસ્પષ્ટ અને ગેરમાર્ગે દોરનારી હોવાનું જણાવી મળેલ પ્રતિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૨૦–૧૦–૦૮ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નકલ તથા નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૭૦૪ તા.૨૩–૧૦–૦૮ થી કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધના ઝોનને પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને તેઓ તરફથી સા.ઝોન/આ.નં.૬૧૪૦ તા.૧૦–૧૧–૦૮ થી અત્રેના વિભાગને માહિતી મળેલ છે.

અરજદારે તા.૧૪–૮–૦૮ ના રોજ કરેલ અરજીની આરટીઆઈ એકટના નિયમ અને જોગવાઈ અનુસાર રૂા૨૦/– માહિતી મેળવવા અંગે ભરપાઈ કરેલ ન હોવાથી સા.ઝોન/ટેક./આ.નં.૪૯૦૨ તા.૧૮–૯–૦૮ થી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને અરજદારે તા.૧૯–૯–૦૮ ના રોજ રસીદ નં.૨૦૧૫૬૭ થી અરજી ફી રૂ.૨૦/– ભરપાઈ કરેલ છે. જેની નકલ અત્રે રજુ કરવામાં આવેલ છે. જેના સંદર્ભે જાહેર માહિતી અધિકારી તરફથી સા.ઝોન/ટેક./આ.નં.૫૬૪૨ તા.૧૩–૧૦–૦૮ થી અરજદારને પાંડેસરા જીઆઈડીસી વિસ્તારના રસ્તા પર લાઈનો નાંખવા વસુલ કરવામાં આવેલ ખોદાણ ચાર્જ ત્રણ મીલો માટેની વિગત પૂરી પાડી તેના મંજુરી કાગળો મેળવવા રૂ.૧૨/– ભરપાઈ કરી મેળવી લેવા જણાવવામાં આવેલ. જે નિયત સમય મર્યાદામાં પૂરી પડાયેલ જણાય છે.અરજદારે આપેલ જવાબથી નારાજ થઈ અપીલમાં જણાવ્યા અનુસાર દસ્તાવેજ ફીના રૂ.૧૨/– ભરપાઈ કરવા તૈયારી દર્શાવ્યા બાદ માહિતી નહીં મળેલ હોવાનું જણાવેલ છે. પરંતુ નાણા ભર્યાના કોઈ પુરાવા અત્રે રજૂ કરેલ નથી. તેમજ સમય મર્યાદા બાદ જવાબ પાઠવેલ હોઈ કોઈ રકમ ભરવાની હોતી નથી તેવી રજુઆત કરેલ છે. તથા જાહેર માહિતી અધિકારી સામે શિક્ષાત્મક કાર્યવાહી કરવા રજુઆત કરેલ છે. કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી સાઉથઝોન ખાતેથી મળેલ પૂરક વિગતો અનુસાર અરજદારને મંજુરી કાગળો પેટે દસતાવેજ ફી રૂ.૧૨/– ભરવા જણાવવા છતાં તેઓએ ફી ભરેલ નહીં હોવાથી નકલો આપી શકાયેલ નહીં હોવાનું જણાવેલ છે.

બંન્ને પક્ષકારો તરફથી રજૂ થયેલ વિગત જોતાં અરજદારે મુળ અરજીથી તેમણે મ્યુ.કમિશ્નરશ્રી , ડે.મ્યુ.કમિશ્નર તથા વીજીલન્સ અધિકારીને કરેલ અનુક્રમે તા. ૧–૫–૦૮,૧૪–૫–૦૮ તથા ૧૮–૭–૦૮ ની અરજીઓ બાબતે થયેલ કાર્યવાહીની વિગતો નહેરમાંથી પાણી ખેંચવા ખાનગી નળીકા ધ્વારા છ મીલોને પુરવઠો પૂરો પડાતો હોવાની પરવાનગી બાબતે તથા મનપાની જગ્યા વપરાશ અંગે ભાડા વસુલાત બાબતની માહિતી સાથે સિંચાઈ ખાતાની મંજુરી વિગેરે મુદ્દાઓની માહિતી માંગેલ જણાય છે. અરજદારે તેમને નિર્દિષ્ટ ત્રણ અરજીની નકલો અપીલ અરજી સાથે મોકલેલ જણાતી નથી. જાહેર માહિતી અધિકારી ધ્વારા માત્ર ત્રણ મીલો માટેની નળીકાના ખોદાણ ચાર્જની માહિતી પૂરી પાડી મંજુરી કાગળોની દસ્તાવેજ ફી ભરી માહિતી આપવા તૈયારી દર્શાવેલ છે પરંતુ બાકીના મુદ્દા અરજદારની અરજીઓ અંગે કાર્યવાહી છ માંથી બાકી ત્રણ મીલો માટે પરવાનગી તથા મનપાની જગ્યા વપરાશ ભાડા તેમજ સિંચાઈ ખાતાની મંજુરીની માહિતી પૂરી પાડેલ જણાતી નથી તેઓના કાર્યક્ષેત્ર બહારની માહિતી માટે અરજી અન્યત્ર તબદીલ કર્યાની કોઈ વિગતો રજૂ કરેલ જણાતી નથી. અરજદારે માંગેલ માહિતી વ્યાપક જાહેર હિત સબંધી પણ સીધી સ્પર્શતી જણાય છે.

અરજદારની મુળ અરજી, અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

" અરજદારની તા.૧૪–૮–૦૮ અરજીથી માંગ્યા મુજબની માહિતી પૈકી અરજદારને પાંડેસરા જીઆઈડીસી વિસ્તારમાં રસ્તા પર નાંખવામાં આવેલ લાઈનો માટે વસુલ કરેલ ત્રણ મીલો માટે ખોદાણ ચાર્જની વિગતો તથા તે માટેના મંજુરીના કાગળો દસ્તાવેજ ફી ભરપાઈ કરી મેળવી લેવા જણાવતી માહિતી સમય મર્યાદામાં પૂરી પડાયેલ છે. આરટીઆઈ એકટની કલમ–૬(૧) હેઠળ પ્રત્યેક અરજી નિયત ફી સાથે હોવી જોઈએ તે ધ્યાને લેતાં તેટલા પૂરતી આંશિક કાર્યવાહી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી સમય અવધિમાં છે. અરજદારે ત્રણ મીલોના મંજુરી પેપર્સ નિયત દસ્તાવેજ ફી ભરી મેળવી લેવા જણાવવામાં આવે છે. જયારે આ સિવાયની નહીં પૂરી પડાયેલ તમામ માહિતી આરટીઆઈ એકટના કાયદા અને નિયમની જોગવાઈ અનુસરી આરટીઆઈ કાયદાની કલમ –૭ (૬) હેઠળ વિના મૂલ્યે સદર માહિતી અત્રેની જાણ હેઠળ અરજદારને દિન–૭ માં પૂરી પાડવા કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી ઉધનાઝોનને જણાવવામાં આવેલ છે. શિક્ષાત્મક કાર્યવાહી કરવાની સત્તા આરટીઆઈ એકટની કલમ–૨૦ હેઠળ રાજય માહિતી આયોગને છે. તેથી તે અંગે અત્રેથી કોઈ કાર્યવાહી કરવાની રહેતી નથી. અરજદાર તે અંગે દિન–૯૦ માં માહિતી આયોગને અપીલ કરવા હકદાર છે.

નં. આરટીઆઈ સેલ/
તારીખ : –૧૧ –૦૮.

ડે.*કમિશ્નર(જનરલ),*
***અને એપેલેટ ઓફિસર***
***સુરત મહાનગર પાલિકા***

***પ્રતિ***

(૧) કાર્યપાલક ઈજનેર અને જાહેર માહિતી અધિકારી, ઉધના ઝોન ..... જાણ તથા અમલ માટે
(૨) શ્રી કલ્પેશ બારોટ ,